# અંધકારભરી ગલીઓમાં પ્રગટેલો જ્ઞાનનો દીવો - સિસ્ટર ઝેફ





https://www.youtube.com/watch?v=Uz2AajIoAds

તમે ૧૩ વર્ષની ઉંમરે શું કરતા હતા? કદાચ જવાબ મળશે - અમે રમતો રમતા, ટીવી જોતા, મોબાઈલમાં વ્યસ્ત રહેતા, શેરીમા રખડતા, પપ્પા- મમ્મી પાસે જીદ કરી ધાર્યું કામ કરાવતા..ત્યારે એક ૧૩ વર્ષની છોકરી....?

૧૩ વર્ષની ઉંમરે આ છોકરીએ તેની માતા ગુમાવી, પિતા ગુમાવ્યા, ઘર ગુમાવ્યું અને બાળપણ ગુમાવ્યું. તે જ દિવસે નાના ભાઈ-બહેનો માટે તે બાળકીમાંથી “માતા” બની ગઈ. તેના માથે રસોઈ અને ઘર સંભાળવાની જવાબદારી સાથે કમાણી કરવાની ફરજ આવી પડી. તે રડી શકે તેમ હતી. તેને થાક પણ લાગાતો હતો. પરંતુ તેણે એક પણ દિવસ કહ્યું નહીં કે,“હું થાકી ગઈ છું.” બીજાના ઘરમાં તેને કામ કરવા જવું પડ્યું. લોકો તેને નામથી નહીં, “છોકરી” કહીને બોલાવતા. પૈસા ઓછા આપતા. ક્યારેક અવાજ પણ ઊંચો કરતા. ક્યારેક આત્મસન્માન પર ઘા કરતા. પણ તે ચૂપ રહી. કારણ કે તેને ખબર હતી કે આ મૌન કાયરતા નથી, ભવિષ્યની તૈયારી છે. આજકાલ આપણે એક અપમાન સહન નથી કરતા અને તે બાળકી રોજ ભવિષ્ય માટે અપમાન ગળી ગઈ. દિવસભર કામ પછી તે રાત્રે દીવો પેટાવીને ભણતી.ક્યારેક આંખો બંધ થવા લાગે, પણ તે પોતાને પૂછતી કે “જો હું આજે સૂઈ જઈશ, તો મારા ભાઈ-બહેનોની આવતીકાલ કોણ લખશે?” વીજળી ન હોય. શાંતિ ન હોય. આશા પણ ઓછી હોય. પણ તેનો સંકલ્પ દ્રઢ હતો. તે ભણવા લાગી. પછી વિચારો બદલાયા કે, “મારે માત્ર પોતે નથી બચવું, બીજી છોકરીઓને પણ બચાવવી છે.” લોકો હસ્યા. કેટલાક ગુસ્સે થયા. કેટલાક ધમકાવવા લાગ્યા. આજકાલ લોકો “લોકો શું કહેશે”માં અટકી જાય છે. તેણે “લોકો શું કહેશે” સામે ભવિષ્ય શું બનશે એ પસંદ કર્યું.

તેની પાસે ન કોઈ બિલ્ડિંગ, ન ફંડ, ન સહયોગ ફક્ત એક ઓરડો અને ભણવા આવતી બે છોકરીઓ હતી. તે જમીન પર બેસીને ભણાવતી. કાગળ ઓછા અને સપના મોટા હતા. તે શિક્ષિકા બની કારણ કે તેણે પહેલેથી જ જીવનનો સૌથી કઠિન પાઠ ભણી લીધો હતો - હાર ન માનવાની શિક્ષા. આજના “નિષ્ક્રિય” લોકો માટે સવાલ છે.

તમે કહે છો કે “મને તક નથી.”

તેની પાસે તક નહોતી. તેણે તક ઉભી કરી.

તમે કહો છો કે“ મારો મૂડ નથી.”

તેની પાસે મૂડ નહોતો, તેની પાસે જવાબદારી હતી.

તમે કહો છો કે “હું એકલો શું કરી શકું?”

તે એકલી હતી, પણ તેણે એક પેઢી બદલી. તે કહે છે કે “મને કોઈએ મદદ નથી કરી, પણ મેં મદદ કરવાની રાહ પણ નથી જોઈ.” જો તમે આજે ખાલી નવરા બેઠા છો, ફરિયાદો કરો છો, સમય બગાડો છો તો યાદ રાખો કે પરિસ્થિતિ ક્યારેય પરફેક્ટ નથી થતી. જે ઊભા થાય છે, તેઓ પરિસ્થિતિ બદલે છે. તેણે કંઈ “વિશેષ” નહોતું કર્યું. તેણે માત્ર આળસને ‘ના’ અને જવાબદારીને ‘હા’ કહી. આજે પ્રશ્ન એ નથી કે તમે શું નથી કરી શકતા. પ્રશ્ન એ છે કે તમે ક્યારે ઊભા થશો?

આ વાત છે પાકિસ્તાનના એક નાના અને સંકુચિત વિચારોથી ઘેરાયેલા વિસ્તારમાં જન્મેલી એક બાળકીની. તેનું નામ છે રિફ્ત આરીફ. રિફ્ત આરીફનો જન્મ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ગુજરાનવાલા (Gujranwala) શહેરમાં એક ખ્રિસ્તી લઘુમતી સમુદાયમાં થયો હતો. આ શહેર ઉદ્યોગ અને મજૂરી માટે જાણીતું છે, પરંતુ સાથે સાથે ત્યાં રુઢિચૂસ્ત સામાજિક વિચારધારા પણ ઉંડા અને ઘેરા મૂળ ધરાવે છે.

રિફ્ત આરીફનું બાળપણ સાંકડી ગલીઓમાં, ભીડભાડવાળા મહોલ્લામાં અને ગરીબીથી ઘેરાયેલા ઘરો વચ્ચે વીત્યું હતું. આ વિસ્તારમાં છોકરીઓનું ભણતર "વધારાનું" મનાતું હતું. છોકરીઓ માટે ઘર અને રસોડું જ ભવિષ્ય ગણાતું. શિક્ષણ છોકરીને "જિદ્દી" બનાવી દે છે એવો મત લોકોમાં ઘર કરી ગયો હતો. રિફ્ત આરીફના માતા-પિતા ખૂબ સામાન્ય જીવન જીવતા લોકો હતા. પિતા દૈનિક મજૂરી અથવા નાનું કામ કરતા હતા. તેમની આવક અનિશ્ચિત હતી. શારીરિક મહેનતથી જીવન જીવાતું હતું. તેમણે વધારે ભણતર મેળવ્યું નહોતું, પરંતુ તેઓ જાણતા હતા કે અભણ માણસ કેટલો લાચાર હોય છે. રિફ્તની માતા અભણ, પરંતુ સમજદાર હતી. તે ઘર સંભાળતી અને બાળકો ઉછેરતી હતી. મૌન અને સહનશીલતા તેનું આભૂષણ હતું

તેની માતા વારંવાર તેને કહેતી, "દીકરી, મને ભણવાની તક ન મળી, પણ તું ભણજે. ભણતર સ્ત્રીને કોઈની દયા પર જીવવા દેતું નથી." આ શબ્દો તેના જીવનના આધારસ્તંભ બન્યા હતા. રિફ્ત આરીફના પિતા મજૂરી કરીને જીવન ચલાવતા. તેમણે ભણતર ઓછું મેળવ્યું હતું, પણ તેઓ જાણતા હતા કે નિરક્ષરતાની સાંકળ માણસને કેટલો બાંધી દે છે. તેની માતા અભણ હતી, પણ અનુભવથી વિદુષી હતી. તેણે જીવનમાં ઘણું સહન કર્યું હતું અને એ જ કારણથી તે ભણતરનું મૂલ્ય ઓળખતી હતી. તેની માતા તેને વારંવાર કહેતી કે, "દીકરી, મને ભણવાની તક ન મળી,પણ તું ભણજે. ભણતર સ્ત્રીને પગે ઊભી કરે છે." આ શબ્દો તેના હૃદયમાં બીજ સમાન રોપાઈ ગયા હતા.

રિફ્ત આરીફનું ઘર નાનું. સુવિધાઓ વિનાનું અને ઘણીવાર આર્થિક તંગીથી ઘેરાયેલું હતું પરંતુ ત્યાં માતા-પિતાનો પરસ્પર આદર હતો. બાળકો પ્રત્યે પ્રેમ અને મહેનતની ઇજ્જત હતી. ઘરમાં પૈસા ઓછા હતા, પણ આશા ક્યારેય ખૂટતી નહોતી. ગુજરાનવાલાના વિસ્તારમાં લોકો એવું માનતા કે છોકરી ભણીને શું કરશે? શિક્ષણથી સ્ત્રી બગડે છે. છોકરીઓને વધારે સમજદાર બનાવવી જોખમી છે. જો કોઈ છોકરી પુસ્તક લઈને બેઠી હોય અથવા શિક્ષક બનવાની વાત કરે તો તેને હસી કાઢવામાં આવતી અથવા ડરાવવામાં આવતી. આજ વાતાવરણમાં રિફ્ત આરીફનું મન ધીમે-ધીમે મજબૂત બનતું ગયું.

તેના પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી. ઘરમાં પૂરતો ખોરાક, કપડાં અને સુવિધાઓ નહોતાં. બાળપણથી જ તેને સમજાયું હતું કે ગરીબી માત્ર પૈસાની જ નથી હોતી, પરંતુ અવસરોની પણ હોય છે. સમાજમાં છોકરીઓ માટે ખાસ નિયમો હતા કે છોકરીઓએ વધારે ભણવું નહીં, ઘરની બહાર જવું નહીં અને પોતાના સપનાઓ વિશે વિચારવું પણ નહીં. પરંતુ રિફ્ત આરીફ બાળપણથી જ ભણવામાં રસ ધરાવતી હતી. પુસ્તકો તેને નવી દુનિયાનો દરવાજો ખોલી આપતાં.

આરીફ તેના વધતા વર્ષોમાં ખૂબ જ તોફાની બાળકી હતી. પરંતુ તેની શાળામાં તે એક લીડર હતી — તે શું કરવા માંગે છે તેની તેને ખૂબ ખાતરી હતી. તમે જુઓ, તેની પાસે વકીલ બનવાની યોજના હતી. તે તેર વર્ષની હતી જ્યારે પાકિસ્તાનના જંગ નામના એક ખૂબ જ પ્રખ્યાત અખબારમાં મહિલા અધિકારો પર તેનો પ્રથમ લેખ છપાયો હતો. તે હંમેશા સપના જોતી હતી અને ખરેખર ઉંચી ઉડવા માંગતી હતી. તેની જીવનશૈલી જોકે અલગ પ્રકારની હતી

તેની માતા, મારા દેશની દરેક માતાની જેમ તેને કહેતી હતી કે એક દિવસ તે લગ્ન કરશે. આ તે હતું જેના પર તેનો ઉછેર થયો હતો. તેને યાદ છે કે તે હંમેશા દરેક બાબત તેની જાતે વિચારતી હતી, "ના! ભગવાને મને આ દુનિયામાં માત્ર લગ્ન કરવા માટે નથી મોકલી!" તેને ખાતરી હતી કે તેને જીવનમાં ઘણું બધું કરવાનું હતું. તેનું હૃદય તેને હંમેશા કહેતું હતું કે એવું નથી.

બાળપણમાં તે ખૂબ જ સંવેદનશીલ હતી. તેની વધતી ઉંમર દરમિયાન એક ઘટનાએ તેનું જીવન હંમેશ માટે બદલી નાખ્યું — તે ધોરણ સાતમાં હતી ત્યારે તેણે તેની શાળા છોડી દીધી. તેણે નક્કી કર્યું કે તે શાળામાં ફરી ક્યારેય નહીં જાય. જે બન્યું હતું તેનાથી તે ખૂબ જ અપમાનિત થઈ હતી. એક દિવસ શાળામાં હતી ત્યારે તેણે તેના વર્ગમાં શિક્ષકની જેમ અભિનય કરતાં ભાષણ આપ્યું. તે શિક્ષકની ખુરશી પર ઊભી હતી. જ્યારે તેની શિક્ષિકા વર્ગમાં આવી, ત્યારે તેણે તેનો ગુસ્સો ગુમાવી દીધો અને તેના સહપાઠીઓની સામે તેના પ્રલાપ માટે તેને મારવાનું શરૂ કર્યું. તેમણે તેની સાથે દુર્વ્યવહાર કર્યો અને અન્ય તમામ છોકરીઓએ તેની મજાક ઉડાવી. તે માત્ર રડતી રહી. તેના મનને માનસિક રીતે ઈજા પહોંચી. જે બાળક માત્ર બાળક હોય ત્યારે તેના પ્રત્યેનો આ વ્યવહાર યોગ્ય ન હતો. ત્યારે તેણે મનની આવી સ્થિતિમાં તેની શાળા છોડીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા - અને તે જ સમયે, તેનું જીવન બદલાઈ ગયું. તેના બધા સપના પૂરા થઈ ગયા. જ્યારે તેના માતા-પિતાએ તેને અન્ય શાળાઓમાં જોડાવવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ તે અડગ રહી અને માત્ર હાર ન માની. પરંતુ તેણે

ક્યારેય અભ્યાસ કરવાનું છોડી ન દીધું. તેણે તેના ઘરની અંદર આરામથી, ખાનગી રીતે તેનો પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. તેણે તેની જાતને શીખવ્યું - તેણે ક્યારેય કોઈ ટ્યુશન લીધું નહી. આ સાથે તેણે અન્ય છોકરીઓને ભણાવવાનું નક્કી કર્યું – પણ આદર, પ્રેમ અને કાળજી તેને તેની શાળામાં આપવામાં આવી ન હતી. તેણે સ્વૈચ્છિક રીતે ભણવા ઈચ્છતી કન્યાઓને શિક્ષણ આપવાનું શરૂ કર્યું- તેણે ગામમાં અનેક ઘરની મુલાકાત લેવાનું શરૂ કર્યું. તેણે લોકોમાં વહેંચવા માટે પેમ્ફલેટ બનાવ્યા. તેણે બધાને કહ્યું કે તે મફત શિક્ષણ આપશે. તે તેનાથી પણ આગળ ચાલી અને નજીકના ગામડાઓમાં લોકોને તેની શાળા વિશે જણાવવા લાગી. તેઓને તેમની દીકરીઓને મોકલવા માટે સમજાવવા ગઈ. તેણે તેમને કહ્યું કે તે તેમને મફતમાં અંગ્રેજી શીખવીશે. તેણે દર રવિવારે તેની માતા સાથે લોકોને મળવાનું શરૂ કર્યું, પરંતુ પહેલા કોઈ તૈયાર નહોતું. કોઈએ તેના પર વિશ્વાસ કર્યો ન હતો અને કોઈ તેની શાળામાં જોડાવા તૈયાર નહોતું કારણ કે તે માત્ર ૧૩ વર્ષની હતી. પરંતુ તેણે તેનો પ્રયત્ન છોડ્યો નહી કારણ કે તે ઈચ્છતી ન હતી કે કોઈ બાળક તેની સાથે જે બન્યું તેવું અનુભવે. તેણે નક્કી કર્યું કે તે તેની શાળામાં ક્યારેય લાકડીનો ઉપયોગ નહીં કરે અને તે બાળકો માટે શિક્ષણને રસપ્રદ બનાવીશે.

બાળપણથી જ તેના જીવનમાં સંઘર્ષો લખાયેલા હતા. ઘરમાં ગરીબી, સમાજમાં સ્ત્રીઓ માટે બંધાયેલા દરવાજા અને સપનાઓ માટે કોઈ જગ્યા નહીં. આ બધાની વચ્ચે રિફ્ત આરીફનો સૌથી મોટો 'ગુનો' માત્ર એટલો હતો કે તે શિક્ષણ મેળવવા માગતી હતી. આરીફ માત્ર ૧૩ વર્ષની હતી ત્યારે તેના માતા-પિતાનું અવસાન થયું. અચાનક જ તેના ખભા પર ઘર અને નાના ભાઈ-બહેનોની જવાબદારી આવી ગઈ. આટલા નાની વયે તેણે મજૂરી કરવી પડી, ઘરમાં કામ કરવું પડ્યું, અને ઘણી વખત અપમાન પણ સહન કરવું પડ્યું. સમાજ કહેતો હતો કે, "છોકરીઓને ભણવાની જરૂર નથી." પરંતુ રિફ્ત આરીફના મનમાં એક દીવો બળતો હતો. તે દીવો હતો શિક્ષણનો.કોઈ પાસે મદદ માગવા કરતાં તેણે પોતે જ રસ્તો બનાવ્યો. ઘરના એક નાનકડા ઓરડામાં, જૂની દરી પાથરી, અને ફાટેલા પુસ્તકો સાથે તેણે મફત શિક્ષણ આપવાનું શરૂ કર્યું. શરૂઆતમાં માત્ર ૨ વિદ્યાર્થી હતા - બે ગરીબ છોકરીઓ. પરંતુ ઝેફની આંખોમાં વિશ્વાસ અને અવાજમાં આત્મબળ હતું. તે કહેતીઃ "શિક્ષણ એ દાન નથી, એ અધિકાર છે." ઘણી વાર લોકો તેનો વિરોધ કરતા. ક્યારેક ધમકીઓ મળી, ક્યારેક ક્લાસ બંધ કરાવવાનો પ્રયાસ થયો. પરંતુ રિફ્ત આરીફ ડરી નહીં. દિવસમાં કામ કરીને રાત્રે ભણતી અને સવારે બાળકોને ભણાવતી. તેની મહેનત રંગ લાવવા લાગી. ધીમે-ધીમે એ નાનકડો ઓરડો શાળા બની ગયો. આજે દુનિયા તેને "Sister Zeph" તરીકે ઓળખે છે - એક એવી શિક્ષિકા, જેણે પોતાના સંઘર્ષને શક્તિ બનાવી. તેણે "Zephaniah Women's Academy" સ્થાપી, જ્યાં હજારો ગરીબ અને વંચિત છોકરીઓને મફત શિક્ષણ, આત્મવિશ્વાસ અને જીવનનું દિશાસૂચક મળ્યું.

રિફ્ત આરીફ કહે છેઃ "મેં ક્યારેય મહાન બનવાના સ્વપ્ન નથી જોયા, મેં માત્ર એટલું નક્કી કર્યું હતું કે હું હાર માનશ નહીં." આજે તે આંતરરાષ્ટ્રીય મંચો પર શિક્ષણ અને મહિલા સશક્તિકરણ અંગે બોલે છે, પુરસ્કારો મેળવે છે, પરંતુ તેની સૌથી મોટી કમાણી એ છે કે એક એક શિક્ષિત દીકરીની આંખોમાં ઝળહળતો આત્મવિશ્વાસ. આજકાલ ઘણા લોકો કહે છે કે....

"સમય નથી",
"પરિસ્થિતિ સારી નથી",
"મને તક મળી નથી",
"મારાથી કંઈ થઈ શકે એમ નથી".

જો તમને આવું લાગે છે, તો રિફ્ત આરીફના જીવનમાં એક ડોકિયું કરશો તો ખ્યાલ આવશે કે તેનું બાળપણ કોઈ પરીકથાનું નહોતું. તેનું ઘર એવું નહોતું જ્યાં શાંતિ હોય, સુરક્ષા હોય કે સપનાઓની વાત થાય. ઘરમાં ગરીબી હતી, સમાજમાં ભય હતો, અને સ્ત્રી હોવું તે જ ગુનો ગણાતો. તે શાળાએ જતી ત્યારે કપડાં જૂના હતા, પુસ્તકો ફાટેલા હતા અને આત્મવિશ્વાસને રોજ અપમાન મળતું પણ તે છતાં તે ભણવા જતી. કારણ કે તેને ખબર હતી કે આજે ભણતર છૂટી ગયું, તો આખું જીવન છૂટી જશે.

રિફ્ત આરીફના માતા-પિતા સામાન્ય લોકો હતા કે ન તો મોટા હોદ્દા, ન તો પૈસાનો ભાર, ન તો કોઈ ઓળખ. તેના પિતા એક સામાન્ય મહેનતુ માણસ હતા. દિવસે-દિવસ મજૂરી, ક્યારેક કામ મળે, ક્યારેક નહીં. માતા એક શાંત, સહનશીલ સ્ત્રી હતી. તે ભણેલી નહોતી, પરંતુ તેને ખબર હતી કે નિરક્ષર હોવાનું દુઃખ શું હોય છે. ઘરમાં પૈસા ઓછા, પણ મૂલ્યો ઊંચા હતા. માતા ઘણી વાર રિફ્ત

આરીફને કહેતી કે, “દીકરી, હું ભણી શકી નહીં,પણ તું જરૂર ભણજે. ભણતર એવું ધન છે જે કોઈ ચોરી નથી શકતું.” આ શબ્દો રિફ્ત આરીફના મનમાં ઊંડે ઉતરી ગયા હતા.

રિફ્ત આરીફનું ઘર નાનું હતું. હતા એક-બે ઓરડા. છતમાંથી પાણી ટપકતું હતું. જૂના વાસણો હતા અને ઘણી વાર ખાલી રસોડું હતું પરંતુ ઘરમાં એક વાત ક્યારેય નહોતી - નિરાશા. પિતા થાકીને ઘરે આવે, પણ બાળકો સામે હંમેશાં સ્મિત રાખે. માતા ભૂખી રહે, પણ બાળકોને પહેલા ખવડાવે. રિફ્ત આરીફ બાળપણથી જ જોઈ રહી હતી કે જિંદગી સરળ નથી, પણ સંઘર્ષથી ભાગવું પણ નહીં તેવો દ્રઢ સંકલ્પ હતો.

રિફ્ત આરીફ જે વિસ્તારમાં રહેતી હતી, ત્યાં લોકો એવું માનતા કે છોકરીઓને વધારે ભણાવવાથી તે બગડે છે, છોકરીઓનું કામ ઘર સંભાળવાનું, શિક્ષણ તો પુરુષો માટે છે. જો કોઈ છોકરી પુસ્તક હાથમાં લે તો પ્રશ્નો ઊઠે.જો તે સપનાઓ જુએ, તો તેને ચૂપ કરાવવામાં આવે. આ વાતાવરણમાં એક છોકરીનું શિક્ષિકા બનવાનું સ્વપ્ન એક બગાવત ગણાતી હતી. જ્યારે રિફ્ત આરીફ હજુ બાળકી હતી, ત્યારે પહેલા તેના પિતા અને પછી માતાનું અવસાન થયું. આ એક ઘટના નહીં, પણ આખું જીવન ઉથલાવી નાખે એવો આઘાત હતો. ઘરમાં કોઈ કમાનાર નહીં, કોઈ માર્ગદર્શન આપનાર નહીં કે કોઈ રક્ષણ નહીં. એક સાથે ઘરનો આધાર તૂટી ગયો, આર્થિક સુરક્ષા ખોરવાઈ ગઈ અને બાળપણ અચાનક સમાપ્ત થઈ ગયું. તે સમયે રિફ્ત આરીફ લગભગ ૧૩ વર્ષની આસપાસ હતી. હવે તેને નાના ભાઈ-બહેનોની જવાબદારી, ઘરની જવાબદારી અને કમાણી કરવાનો ભાર બધું એકસાથે વહન કરવું પડ્યું. તેને અચાનક સમજણ પડી ગઈ કે હવે પોતાને જ મજબૂત બનવું પડશે.

એક દિવસ રિફ્ત આરીફે જોયું કે તેની જેમ જ ગરીબ, એક નાની છોકરી શાળા છોડીને કામે જતી હતી. રિફ્ત આરીફે તેને પૂછ્યું, “તું શાળાએ કેમ નથી આવતી?”

છોકરીએ કહ્યું કે, “અમારા નસીબમાં ભણતર નથી. અમે તો કામ કરવા જન્મ્યા છીએ.”

આ વાક્ય રિફ્ત આરીફના હૃદયમાં છરીની જેમ ઘૂસી ગયું. તેને તેની માતાના શબ્દો યાદ આવ્યા, “અભણ હોવાનો દુઃખ કોઈ સમજી શકતું નથી.” તે દિવસે રિફ્ત આરીફે નક્કી કર્યુ કે “જો એક છોકરી પણ શિક્ષણથી વંચિત રહેશે, તો હું ચૂપ નહીં રહું.” આ જ ક્ષણ હતી જ્યાંથી એક અનાથ બાળકી શિક્ષિકા બનવાની દિશા તરફ ચાલી. રિફ્ત આરીફ જ્યારે ભણાવતી, ત્યારે માતાની કરુણા અને પિતાની મહેનત તેના સ્વભાવમાં દેખાતી. તે શિક્ષણને વ્યવસાય નહીં, પણ સેવા માનતી. કારણ કે તેના માતા-પિતાએ તેને એક જ પાઠ શીખવ્યો હતો કે “તને જે નથી મળ્યું, તે બીજાને આપવા પ્રયત્ન કર.”

રિફ્ત આરીફ શિક્ષિકા બની કારણ કે તેના માતા-પિતાનું જીવન અધૂરું રહ્યું હતું. તેણે નક્કી કર્યુ કે તે તેની પેઢીનું અધૂરું સપનું બીજાની પેઢી માટે પૂરું કરશે. તે માને છે કે શિક્ષિકા બનવું એ નિર્ણય નથી, એ જવાબદારી છે જે દુઃખમાંથી જન્મે છે. તેણે ઘરોમાં કામ કર્યું, નાની નોકરીઓ કરી અને અપમાન સહન કર્યુ પરંતુ એક નિર્ણય અડગ રહ્યો કે, “હું ભણતર છોડવાની નથી.” દિવસભર કામ કર્યા પછી તે રાત્રે દીવો પ્રગટાવી ને ભણતી. ક્યારેક વીજળી ન હોય, શાંતિ ન હોય કે શરીર થાકી ગયેલું હોય પણ મન હારતું નહીં.

રિફ્ત આરીફે ગુજરાનવાલામાં જ પોતાના ઘરના એક નાનકડા ઓરડામાં બે છોકરીઓ સાથે શિક્ષણ શરૂ કર્યું. જમીન પર બેસીને, કાગળ-પેન્સિલથી કોઈ ફી વગર. આ જ આગળ જઈને Zephaniah Women’s Academy બની. રિફ્ત આરીફ ગુજરાનવાલાની ગરીબ ગલીઓમાં જન્મી, રુઢિચૂસ્ત વિચારધારામાં ઉછરી, અનાથ બની, અપમાન સહન કર્યુ અને છતાં શિક્ષણને પોતાનું હથિયાર બનાવી હજારો છોકરીઓનું ભવિષ્ય બદલ્યું. સ્થળ નાનું હોય, પરિસ્થિતિ કઠિન હોય, પણ જો સંકલ્પ મજબૂત હોય તો દુનિયા બદલાય છે.




સિસ્ટર ઝેફનું મિશન વિશ્વના દરેક ખૂણામાં શિક્ષણ ફેલાવવાનું છે.

સોળ વર્ષની ઉંમરે, તેની જાતને તાલીમ આપ્યા પછી તેણે મેટ્રિક પાસ કર્યું. ત્યાર પછી ટેલિકોમ ફ્રેન્ચાઈઝીમાં રિસેપ્શનિસ્ટ તરીકે નોકરી શરૂ કરી, જ્યાં તેને દર મહિને $૧૫ ચૂકવવામાં આવતા હતા. આ તે રકમ હતી જેનો ઉપયોગ તેણે તેની શાળા માટે સ્ટેશનરી અને અન્ય પુરવઠો ખરીદવા માટે શરૂ કર્યો હતો. ત્યારથી, તેણે તેનું કામ કરવાનું ચાલુ રાખ્યું. ૨૦૧૦માં પોલિટિકલ સાયન્સમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી અને બીજી માસ્ટર્સ ડિગ્રી આ વખતે ૨૦૧૩માં ઈતિહાસમાં મેળવી. આ તમામ શિક્ષણ મેળવતા મેળવતા કોઈપણ સંસ્થાની મદદ કે કોઈ શિક્ષકની સંડોવણી વિના તે આગળ ધપી રહી હતી.



વર્ગમાં ભણાવતા સિસ્ટર ઝેફ

"જ્યારે મેં ઘરે અભ્યાસ કરવાનું શરૂ કર્યું, ત્યારે મારી પાસે કમ્પ્યુટર નહોતું અને ઇન્ટરનેટની એક્સેસ નહોતી. જ્ઞાન મેળવવું ખૂબ જ પડકારજનક હતું, પણ હું મારી મહત્ત્વાકાંક્ષાઓ છોડવાની નહોતી. મારી પાસે ૨૦૦૮ સુધીમાં લેપટોપ આવી ગયું હતું અને ઇન્ટરનેટ સામાન્ય બની ગયું હતું તેથી મારી જાતને શિક્ષિત કરવાનું કંઈક અંશે સરળ બન્યું. મેં મારી વાર્તા ઓનલાઈન શેર કરવાનું શરૂ કર્યું," સિસ્ટર ઝેફ કહે છે. કેન્દ્રએ IT અને ડિજિટલ સાક્ષરતા કૌશલ્ય, અંગ્રેજી, સ્ટીચિંગ, હેરડ્રેસીંગ, મેકઅપ અને માર્શલ આર્ટ પર વર્ગો તેને ઓફર કર્યા હતા.



સિસ્ટર ઝેફ તેના શાળાના બાળકો સાથે

સમુદાય આધારિત કાર્યમાં પ્રારંભિક સિદ્ધિઓના અસાધારણ ટ્રેક રેકોર્ડ સાથે પ્રમાણમાં અજાણી મહિલા કાર્યકર તરીકે સિસ્ટર ઝેફે લિન સિમ્સ પુરસ્કાર જીત્યો જેણે તેમને ૨૦૧૪ માં ગ્રાસરુટ લીડર તરીકે સન્માનિત કર્યા. આ પુરસ્કારે તેમના સમુદાયમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતી વ્યાપક સમસ્યાને પ્રણાલીગત રીતે સંબોધવાના તેમના પ્રયાસોને માન્યતા આપી હતી. ૨૦૧૫ માં સિસ્ટર ઝેફના જીવન અને તેના ત્રણ વિદ્યાર્થીઓના બાળલગ્ન, શારીરિક સજા અને છોકરીઓ માટેના શિક્ષણ સામેના સામાજિક દબાણ સામેના સંઘર્ષમાં તેમના જીવન વિશે ૨૦૧૫માં એક દસ્તાવેજી ફિલ્મ 'ફ્લાઇટ ઓફ ધ ફાલ્કન્સ' બનાવવામાં આવી હતી. ડોક્યુમેન્ટ્રીએ ઘણા પુરસ્કારો જીત્યા, અને સિસ્ટર ઝેફ અને તેની શાળાની વાર્તાને કારણે મલાલા ફંડે તેને સહાયની ઓફર કરી.આ ડોક્યુમેન્ટ્રીએ ટેલિવિઝન માટે ૨૦૧૫ના એશિયા-પેસિફિક ચાઇલ્ડ રાઇટ્સ એવોર્ડની ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું અને ન્યૂયોર્ક ફેસ્ટિવલ્સ ૨૦૧૬માં બેસ્ટ ડોક્યુમેન્ટરીઃ કોમ્યુનિટી પોર્ટ્રેટ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે જ વર્ષે

સિસ્ટર ઝેફની સંસ્થા એક નોંધાયેલ શાળા બની. ૨૦૧૬ સુધીમાં, તેની સંસ્થાએ ૫૦૦ થી વધુ છોકરીઓને ભણાવી હતી અને ૧૦૦ વધુને સક્ષમ કરી હતી.




કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ દરમિયાન સિસ્ટર ઝેફ

૨૦૨૩ સુધીથી, સિસ્ટર ઝેફની શાળા કિન્ડરગાર્ટનથી દસમા ધોરણ સુધીના ૨૦૦ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ પૂરું પાડે છે, અને ઘણા શિક્ષકો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. આજની તારીખમાં તેમના પ્રયાસોથી ૨૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ અને ૬૦૦૦ મહિલાઓને સહાય મળી છે. હાલમાં, ઝેફનિયા વુમન્સ એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન (ZWEE) નામની તેની સંસ્થા પાસે પણ કપડાંની લાઈન, ઈવાઝ એથિકલ ક્લોથિંગ છે, જેનું ઉત્પાદન ૩૦ મહિલા કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે અને નફો શાળા અને કેન્દ્રને જાય છે. ZWEE બાળકો માટે બે વાર સાપ્તાહિક બપોરના વર્ગો પણ આયોજિત કરે છે, જેઓ તેમના પરિવારોને ટેકો આપવા માટે કામ કરી રહ્યા હોવાને કારણે સંપૂર્ણ સમય શાળામાં જઈ શકતા નથી. નજીકના ગામોના ૧૧ વિદ્યાર્થીઓ બે કેમ્પસની શાળાઓમાં જાય છે અને ZWEE હેઠળ ૧૨મા ધોરણ સુધી છોકરીઓને અને ૫મા ધોરણ સુધી છોકરાઓને ઔપચારિક શિક્ષણ અને કૌશલ્ય પ્રદાન કરે છે.

કૌશલ્ય કેન્દ્રમાં, સ્વ-રક્ષણ તકનીકો, અંગ્રેજી ભાષા, આઇટી અભ્યાસક્રમો, બ્યુટિશિયન કોર્સ, સ્ટીચિંગ અને સિલાઇ, નાણાકીય વ્યવસ્થાપન, આરોગ્ય શિક્ષણ, રમતગમત અને કલા જેવી વિવિધ તાલીમ આપવામાં આવે છે. હાલમાં, ZWEE પાસે ૧૨ પૂર્ણ સમયના શિક્ષકો છે જેઓ શાળા અને કેન્દ્રમાં કામ કરે છે, અને યુરોપ, યુએસએ અને અન્ય દેશોના ઘણા સ્વયંસેવક શિક્ષકો પણ Skype દ્વારા શીખવે છે. "શિક્ષક બાળકો પ્રત્યે આટલો સ્નેહ દર્શાવે છે, ત્યારે તેઓ સલામતી અને હૂંફની લાગણી અનુભવે છે. તેઓને લાગે છે કે તેઓ માત્ર બીજી માતા સાથે છે, કારણ કે કમનસીબે, મને મારું પોતાનું બાળપણ માણવા મળ્યું નથી. હું ઈચ્છું છું કે બાળકોને લાડથી અને પ્રેમ કરવામાં આવે અને તેમનું બાળપણ હોય. અમે ચોક્કસપણે એક લેપટોપથી લઈને શાળા અને કેન્દ્રમાં ઉપલબ્ધ ઘણા કમ્પ્યુટર્સ સુધી લાંબો રસ્તો કાઢ્યો છે", સિસ્ટર ઝેફ મનની વાત પ્રતિબિંબિત કરે છે.



સિસ્ટર ઝેફ શાળાની કન્યાઓને કમ્પ્યુટર અને ઈન્ટરનેટ વિશે શીખવે છે.

સિસ્ટર ઝેફે જ્યારે તેમની સિદ્ધિઓના સન્માનમાં સપ્ટેમ્બર ૨૦૨૩માં શિક્ષકો માટેનું સૌથી મોટું વાર્ષિક વૈશ્વિક પુરસ્કાર ધરાવતું એક મિલિયન ડોલરનું વર્કી ફાઉન્ડેશન ગ્લોબલ ટીચર પ્રાઇઝ ૨૦૨૩

જીત્યું ત્યારે તેમને ખુશીથી આશ્ચર્ય થયું. તેમને ૧૩૦ દેશોમાંથી ૭,૦૦૦ થી વધુ નોમિનેશનમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. પ્રથમ રાઉન્ડમાં તેમણે ૫૦ નોમિનીની લાંબી યાદીમાં સ્થાન મેળવ્યું હતું. જ્યારે તેમણે ૧૦ ફાઈનલિસ્ટની ટૂંકી સૂચિમાં સ્થાન મેળવ્યું ત્યારે તેમને હજુ પણ શંકા હતી કે તે જીતશે કે કેમ. આ એવોર્ડ યુનેસ્કોના સહયોગથી અને UAE સ્થિત વૈશ્વિક પરોપકારી સંસ્થા દુબઈ કેર્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારીમાં આયોજિત કરવામાં આવ્યો હતો. સિસ્ટર ઝેફની જીતની ઘોષણા ૮મી નવેમ્બર ૨૦૨૩ના રોજ ફ્રાન્સના પેરિસમાં યુનેસ્કો હેડક્વાર્ટર ખાતે કરવામાં આવી હતી, જ્યાં તમામ ૧૦ ફાઈનલિસ્ટને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સત્તાવાર અહેવાલ મુજબ,"શિક્ષણ અને સશક્તિકરણ પ્રત્યેના તેણીના સમર્પણએ અસંખ્ય જીવનને સ્પર્શ્યું છે અને તેણે અસંખ્ય પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. તેમને વિશ્વભરમાં મહિલા અધિકારો અને બાળકોના શિક્ષણ માટે સાચા પરિવર્તનકર્તા અને હિમાયતી તરીકે ઓળખવામાં આવ્યા છે."



સિસ્ટર ઝેફ તેમની શાળાના બાળકો સાથે

વિજેતા તરીકેની ઘોષણા પછીની થોડીક સેકન્ડોમાં સિસ્ટર ઝેફ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમના માટે આ આશ્ચર્યજનક હતું. પરંતુ તેમણે જોયું કે તેમના ડ્રેસનો રંગ સોનેરી ટ્રોફી સાથે મેળ ખાતો હતો, તેથી તેમને લાગ્યું કે તેઓ તેની અડધી અપેક્ષા રાખતા હતા. સિસ્ટર ઝેફને સમિતિએ સ્મિત સાથે કહ્યું કે પૈસા ૧૦ વર્ષના હપ્તામાં આવશે. સિસ્ટર ઝેફને આશા છે કે સરકાર તેમને જમીનનો ટુકડો આપે જેથી તે તેમની સ્વપ્નની શાળા બનાવવાનું શરૂ કરી શકે. સિસ્ટર ઝેફ ૧૦ એકરમાં એક શાળા બનાવવાની યોજના ધરાવે છે જ્યાં સૌથી ગરીબ પરિવારોના બાળકોને પુરસ્કારની રકમ સાથે ભેદભાવ વિના શિક્ષણ આપી શકાય. તે અનાથ બાળકો માટે આશ્રયસ્થાન પણ બનાવવા માંગે છે જ્યાં તે મિલકત પર આહાર યોગ્ય અન્ન અને શાકભાજી ઉગાડવા માંગે છે અને વિશ્વના તમામ ભાગોમાંથી શિક્ષકોને વિષયોની શ્રેણીમાં તેમને સૂચના આપવા માટે આમંત્રિત કરવામાં માંગે છે.

સિસ્ટર ઝેફે તેમના અવોર્ડના સ્વીકૃતિ ભાષણમાં કહ્યું હતું. "આ માન્યતા એ એક રીમાઈન્ડર છે કે જ્યારે આપણે સાથે મળીને કામ કરીએ છીએ, ત્યારે આપણે અવરોધોને દૂર કરી શકીએ છીએ. તે અમલમાં મૂકવા માટેનું આહવાન છે, આપણા પ્રયત્નોને બમણા કરવા માટેનો આહવાન છે અને વિશ્વના દરેક બાળકને ખાતરી કરાવવા માટે અમારી પ્રતિબદ્ધતામાં એક થવાનું આહ્વાન છે. તેમની પૃષ્ઠભૂમિ અથવા સંજોગોને ધ્યાનમાં લીધા વિના, ગુણવત્તાયુક્ત શિક્ષણની એક્સેસ છે. હું ગુણવત્તાયુક્ત શિક્ષણ, લિંગ સમાનતા અને દરેક બાળકના સશક્તિકરણની હિમાયત કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરીશ, ખાસ કરીને હાંસિયામાં રહેલા સમુદાયોમાં. બધા માટે ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે શિક્ષણમાં, આપણે નવીનતા, સહયોગ અને રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ. "


ઝેફનું વ્યવસાયિક તાલીમ માટેનું કેન્દ્ર

સિસ્ટર ઝેફે તેના ઉદ્‌બોધનમાં તેની લાગણી અભિવ્યક્ત કરતા જણાવ્યું હતું, "દર અઠવાડિયે તેના પોતાના પડકારો અને જીત હોય છે. આટલા વર્ષોમાં ઘણી બધી અસ્વીકાર અને નિરાશાઓ આવી છે, અને કેટલીકવાર હું એકાંતમાં રડી છું. ૨૦૦૬માં નાતાલની પૂર્વસંધ્યાએ, જેઓ હું જે કામ કરી રહી

હતી તેનાથી ખુશ ન હતા તેમના દ્વારા અમારા ઘર પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. તેનાથી પણ મારું મિશન ચાલુ રાખવાનો મારો સંકલ્પ તૂટી ગયો ન હતો. મારા આદર્શ મધર ટેરેસા છે, અને હું આશા રાખું છું કે તેઓ તે રીતે મારા લોકોની સેવા કરે. ક્યારેય આશા ન ગુમાવવી અને વધુ સારા માટે બદલાવ લાવવાનો પ્રયાસ કરતા રહેવું મહત્વપૂર્ણ છે," સિસ્ટર ઝેફનું જીવન ચીની કહેવતનું સાચું પ્રતિબિંબ છે, "અંધકારને શાપ આપવા કરતાં મીણબત્તી પ્રગટાવવી વધુ સારી".

૨૦૧૩માં, સિસ્ટર ઝેફે એક એવોર્ડ જીત્યો જેણે તેણીને $૨૦,૦૦૦ ઈનામની રકમ આપી, જેનો ઉપયોગ તેણે તેની શાળાને વિસ્તૃત કરવા, વધુ શિક્ષકોની ભરતી કરવા અને ગુજરાનવાલામાં એક વ્યાવસાયિક કેન્દ્ર સ્થાપવા માટે કર્યો, જે વિદ્યાર્થીઓ અને સ્થાનિક મહિલાઓ બંનેને સેવા આપે છે. આ કેન્દ્ર IT અને ડિજિટલ સાક્ષરતા કૌશલ્ય, અંગ્રેજી, સ્ટીચિંગ, હેરડ્રેસીંગ અને મેકઅપ અને માર્શલ આર્ટના વર્ગો ચલાવે છે. કેન્દ્રમાં ચોક્કસ ડિઝાઈનના કપડાંની પ્રદર્શનમાં મુકાય છે જેનું ઉત્પાદન ૩૦ મહિલા કર્મચારીઓએ  કરેલ છે અને જેની આવક શાળા અને કેન્દ્રમાં જમા  થાય છે.

સિસ્ટર ઝેફની જીતની જાહેરાત ૮મી નવેમ્બર ૨૦૨૩ના રોજ ફ્રાન્સના પેરિસમાં યુનેસ્કો હેડક્વાર્ટર ખાતે કરવામાં આવી હતી. સિસ્ટર ઝેફે માત્ર ૧૩ વર્ષની વયે તેમના ઘરના આંગણામાં એવા બાળકો માટે પોતાની શાળાની સ્થાપના કરી કે જેમના માતા-પિતા ફી ચૂકવી શકતા નથી. તેમણે શાળાને ભંડોળ પૂરું પાડવા માટે આઠ-કલાક દિવસ દરમિયાન કામ કર્યું.  પછી બીજા ચાર કલાક વિદ્યાર્થીઓને શીખવ્યું અને પછી પોતે શીખવવા માટે રાત્રે જાગતા રહ્યા. છવ્વીસ વર્ષ પછી, શાળા, જે હવે એકદમ નવી ઇમારતમાં છે, ૨૦૦ થી વધુ વંચિત બાળકોને મફત શિક્ષણ પૂરું પાડે છે. નાનપણથી જ તેમણે પ્રતિકૂળતાઓનો સામનો કર્યો હતો, અને તેઓ વિશાળ સમુદાયમાં વંચિત બાળકો માટે આશાના કિરણ તરીકે ઉભરી આવ્યા હતા. નમ્ર પૃષ્ઠભૂમિના તેના ઘણા વિદ્યાર્થીઓ તેના શિક્ષણ અને સશક્તિકરણ ફાઉન્ડેશન માટે કામ કરવા ગયા છે જ્યારે અન્ય લોકો ખૂબ જ સફળ વ્યાવસાયિક કારકિર્દી તરફ આગળ વધ્યા છે.

શાળા ચલાવવાની સાથે સાથે, તે છોકરીઓ માટે સ્વ-બચાવના વર્ગો ચલાવે છે, તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને તેમને ધમકી આપવામાં આવી હતી. તે તેમના બાળકોને શિક્ષિત કરવા અને તેમના બિલ ચૂકવવા વચ્ચે પસંદગી કરતા પરિવારોને નાણાકીય સહાય પણ પૂરી પાડે છે, અને એક વ્યાવસાયિક કેન્દ્ર ચલાવે છે જેણે ૬,૦૦૦ થી વધુ મહિલાઓને ICT, કાપડ અને અંગ્રેજી ભાષામાં કુશળતા પ્રાપ્ત કરવામાં મદદ કરી છે.

ગ્લોબલ ટીચર પ્રાઈઝ ફંડ્સ સાથે, સિસ્ટર ઝેફ ૧૦ એકરમાં એક શાળા બનાવવાની યોજના ધરાવે છે જ્યાં દેશના સૌથી ગરીબ પરિવારોના બાળકોને ભેદભાવ વિના શિક્ષણ આપી શકાય. તે અનાથ બાળકો માટે આશ્રયસ્થાન પણ બનાવવા માંગે છે, જ્યાં મિલકત પર રોજના આહાર માટે જરુરી શાકભાજી અને એન્ન ઉગાડવામાં આવશે અને વિશ્વના તમામ ભાગોમાંથી શિક્ષકોને તેમને વિષયોની શ્રેણીમાં સૂચના આપવા માટે આમંત્રિત કરવામાં આવશે.

## વૈશ્વિક શિક્ષક પુરસ્કાર વિજેતા સિસ્ટર ઝેફના એવોર્ડ સ્વીકૃતિના ભાષણમાંથી અંશો-૮ નવેમ્બર ૨૦૨૩

"શિક્ષણ એ માત્ર એક વ્યવસાય નથી; તે રોજગાર મેળવતા શિખવાતું એક સાધન છે, આવનારી પેઢીને પ્રેરણા, સંવર્ધન અને સશક્ત બનાવવા માટેનું એક આહવાન છે. ચાલો આપણે સાથે મળીને કામ કરીએ જેથી દરેક બાળકને શીખવાની, સ્વપ્ન જોવાની અને આપણા વિશ્વ પર સકારાત્મક અસર કરવાની તક મળે તે સુનિશ્ચિત કરીએ. "

"આ માન્યતા એ એક રીમાઇન્ડર છે કે જ્યારે આપણે સાથે મળીને કામ કરીએ છીએ, ત્યારે આપણે અવરોધોને દૂર કરી શકીએ છીએ. તે કાર્યને અમલમાં મૂકવા માટેનું આહવાન છે, આપણા પ્રયત્નોને બમણા કરવા માટેનો આહવાન છે અને વિશ્વને દરેક બાળક તેની ખાતરી કરવા માટે અમારી પ્રતિબદ્ધતામાં એક થવાનું આહ્વાન છે. બાળકોની પૃષ્ઠભૂમિ અથવા સંજોગોને ધ્યાનમાં લીધા વિના, ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવાનો અમારો પ્રયત્ન છે."

"હું આ પ્લેટફોર્મનો ઉપયોગ ગુણવત્તાયુક્ત શિક્ષણ, લિંગ, સમાનતા અને દરેક બાળકના સશક્તિકરણ માટે કરીશ. ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે. આપણે બધા માટે ઉજ્જવળ ભવિષ્યને ઘડવા માટે શિક્ષણમાં નવીનતા, સહયોગ અને રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ."



આ એવોર્ડ મેળવ્યા પછી પત્રકારે સિસ્ટર ઝેફને પૂછેલા પ્રશ્નો અને તેના જવાબ જાણી તેને સલામ કરવા અચૂક હાથ ઊંચકાયે જશે.!

**પત્રકાર:** જ્યારે ઇનામની જાહેરાત કરવામાં આવી ત્યારે તમે કેવી પ્રતિક્રિયા આપી હતી ?

**સિસ્ટર ઝેફ:** હું શરૂઆતની થોડીક સેકન્ડોમાં બેભાન જેવી થઈ ગઈ હતી. હું કલ્પી શકતી ન હતી કે આ મારું નામ હતું. તે અત્યંત આશ્ચર્યજનક હતું. પરંતુ મેં જોયું કે મારા ડ્રેસનો રંગ ટ્રોફી સાથે મેળ ખાતો હતો, તેથી હું મારા હૃદયમાં તેની થોડી અપેક્ષા રાખતી હતી.

**પત્રકાર:** તમે તે પૈસા વડે શું કરવા ઈચ્છો છો?

**સિસ્ટર ઝેફ:** જ્યારે મેં પ્રોગ્રામ માટે અરજી કરી ત્યારે મેં સૌ પ્રથમ વિચાર્યું હતું કે હું જમીનનો ટુકડો ખરીદીશ. પણ હવે મને ખબર છે કે પૈસા ૧૦ વર્ષના હપ્તામાં આવશે. પરંતુ હું પાકિસ્તાન સરકારને વિનંતી કરવા જઈ રહ્યો છું કે મને જમીન આપો જેથી હું મારી સપનાની શાળા બનાવી શકું.

**પત્રકાર:** તમે માત્ર ૧૩ વર્ષની ઉંમરે શાળા કેવી રીતે શરૂ કરી?

**સિસ્ટર ઝેફ:** ભેદભાવનો સામનો કર્યા પછી, મેં નક્કી કર્યું કે હું ક્યારેય શાળામાં પાછી જઈશ નહીં. મને એ પણ સમજાયું કે આ માત્ર મારી વાર્તા નથી – આ વાર્તા એવા દરેક બાળકની છે જે વંચિત સમુદાયના છે. પાકિસ્તાનમાં, ઘણા દેશોની જેમ, ધાર્મિક લઘુમતીઓ જેમ કે શિયા, અહમદી, હિંદુ અને ખ્રિસ્તીઓ ભેદભાવનો સામનો કરી શકે છે.

હું મારી નાની બહેનને લાવી અને તેને મારી પાસેથી શીખવા વિનંતી કરી. મેં મારા મિત્રોના નાના ભાઈ-બહેનોને મારી શાળામાં આવવા વિનંતી કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તે તેમના માટે રમતનું ક્ષેત્ર હતું અને અમારી પાસે પુસ્તક કે નોટબુક ન હતી.

**પત્રકાર:** તમે પ્રોજેક્ટને કેવી રીતે ટેકો આપ્યો?

**સિસ્ટર ઝેફ:** મારા માતા-પિતા મને મદદ કરી શકે તેવી સ્થિતિમાં ન હતા. તેથી ૧૩ વર્ષની ઉંમરે હું ભરતકામ કરવાનું શીખી ગઈ. તે મારી પ્રથમ આવક હતી જેનો મેં મારા હેતુને ટેકો આપવા માટે કમવવાનું શરૂ કર્યું.

હું દિવસમાં ૮ કલાક કામ કરીશ, મારા વિદ્યાર્થીઓને ૪ કલાક શીખવીશ અને મારી જાતને ૪ કલાક શીખવીશ. હું ક્યારેય કોઈ સંસ્થામાં પાછી ગઈ નથી. હું પરીક્ષાની તૈયારી કરીશ, મારી પરીક્ષા ફી સંસ્થામાં લઈ જઈશ અને ડિગ્રી મેળવીશ. આ રીતે મેં રાજકીય વિજ્ઞાન અને ઇતિહાસમાં બે માસ્ટર ડિગ્રી મેળવી.

મેં ક્યારેય એક દિવસની પણ રજા લીધી નથી, ક્યારેય ચર્ચમાં ગઈ નથી. મેં ક્યારેય કોઈ મિત્ર બનાવ્યા નથી કારણ કે હું ફક્ત આ ૩ વસ્તુઓ પર જ ધ્યાન આપતી હતી અને તે કામ ખૂબ જ થકવી નાખનારું હતું. મારી લગ્ન કરવાની કોઈ યોજના નથી – મારું કારણ લગ્ન કરવા કરતાં મોટું છે.

૨૦૦૮ માં હું ઇન્ટરનેટ સાથે જોડાઈ અને મારી વાર્તાઓ ઓનલાઇન શેર કરવાનું શરૂ કર્યું, અને ૨૦૧૩ માં મેં વૈશ્વિક સ્પર્ધામાં $૨૦,૦૦૦ જીત્યા. મેં આ રકમનો ઉપયોગ

ગુજરાનવાલાની બહાર એક યોગ્ય શાળા સ્થાપવા અને પુખ્ત વયના લોકો માટે વ્યાવસાયિક કેન્દ્ર બનાવવા માટે કર્યો.

**પત્રકાર:** વ્યાવસાયિક કેન્દ્રનો તમારો હેતુ શું છે?

**સિસ્ટર ઝેફ:** તે માતાઓને તેમના પોતાના પૈસા કમાવવાનું શરૂ કરવા અને શારીરિક અને માનસિક હિંસાથી બચવા માટે કૌશલ્યની તાલીમ આપવાનું છે જેથી તેઓ તેમના બાળકોને ટેકો આપી શકે. હું અમારા પોતાના વિદ્યાર્થીઓને આ કૌશલ્ય પણ શીખવીશ જેથી તેઓ કોલેજ અને યુનિવર્સિટી માટે તેમની ફી ચૂકવી શકે. અમે સ્ટીચિંગ, IT અને ડિજિટલ સાક્ષરતા, અંગ્રેજી ભાષા શીખવીએ છીએ જેથી તેઓ ઇન્ટરનેટ પર જ્ઞાન મેળવી શકે અને હેરડ્રેસીંગ અને મેકઅપ શીખવે જેથી તેઓ બ્યુટી સલૂન ખોલી શકે. અમારી પાસે અમારી પોતાની કપડાંની પણ શાખા છે; અમે તે આવકનો ઉપયોગ પ્રોજેક્ટ ચલાવવા માટે કરીએ છીએ. તે અમારી પાસેથી સ્ટીચિંગ શીખતી મહિલાઓ માટે રોજગારીનું સર્જન પણ કરે છે. મારી પાસે ૩૦ કર્મચારીઓ છે - બધી મહિલાઓ.

**પત્રકાર:** કેવી રીતે શીખવવું તે તમે પ્રથમ કેવી રીતે શીખ્યા? શિક્ષણ પ્રત્યે તમારો અભિગમ કેવો હતો?

**સિસ્ટર ઝેફ:** મારે બાળપણમાં જે અનુભવોનો સામનો કરવો પડ્યો હતો તેનાથી વિપરીત કંઈક કરવા માંગતી હતી. તેથી હું સવારે ૭ વાગે ઘરેથી ભણવા માટે નીકળી જતી અને બપોરે ૩ કે ૪ વાગે પાછી આવતી અને મને ખૂબ ભૂખ લાગતી. પરંતુ હું મારા વિદ્યાર્થીઓની સામે ક્યારેય ખાતી ન હતી, કારણ કે તેમાંના ઘણાએ ખાધું નથી હોતું અને મારી પાસે તેમને ખવડાવવા માટે સંસાધનો નથી.

**પત્રકાર:** શું તમે તેમની લાગણીઓને ધ્યાનમાં લેવા માંગતા હતા?

**સિસ્ટર ઝેફ:** હા. હું નાના બાળકોને મારા ખોળામાં લઈશ અને હું તેમને તે રીતે શીખવીશ. જ્યારે શિક્ષક બાળકો પ્રત્યે આટલો સ્નેહ દર્શાવે છે, ત્યારે તેઓ સુરક્ષિતતા અનુભવે છે. તેઓને લાગે છે કે તેઓ ઘરથી દૂર નથી, તેઓ માત્ર બીજી માતા સાથે છે. હું ઇચ્છું છું કે શિક્ષકો એવા હોય. મને મારું પોતાનું બાળપણ માણવા મળ્યું નથી. હું ઈચ્છું છું કે બાળકોને લાડથી લડાવવામાં આવે અને પ્રેમ કરવામાં આવે અને તેમનું બાળપણ તેમને માણવા મળે. તેઓ ગુલાબની પાંખડીઓ જેવા છે, અને આપણે તેમની સાથે એ સમજીને એવું વર્તન કરવું જોઈએ.

**પત્રકાર:** તમે બાળકોના શાળાએ જવાના અધિકારોને કેવી રીતે પ્રોત્સાહન આપો છો?

**સિસ્ટર ઝેફ:** મારા શહેર, ગુજરાનવાલામાં, ૨૦,૦૦૦ થી વધુ બાળકો બાળ મજૂરો છે અને તેમના પરિવાર માટે પૈસા કમાય છે. મારું કામ એ પેરેન્ટ્સ સુધી પહોંચવાનું છે અને તેમને એ સમજાવવાનું છે કે ભલે તેઓ પૂરતું ન ખાતા હોય, ભલે તેમનું ઘર પૂરતું સારું ન હોય, શિક્ષણ વધુ મહત્વનું છે. અને મારું કામ કહેવાનું નથી પણ બાળકોને બતાવવાનું છે કે શિક્ષણ બીજા કરતાં સારું છે.

**પત્રકાર:** તમે તે કેવી રીતે કરો છો ?

**સિસ્ટર ઝેફ:** મારા પ્રેમ દ્વારા. પ્રેમ એ ભાષા છે જે દરેક વ્યક્તિ સમજી શકે છે. પ્રેમ એ ભાષા છે જેને ધર્મ કે નાણાકીય પૃષ્ઠભૂમિની કોઈ સીમા નથી. પ્રેમ દરેક જગ્યાએ છે અને દરેકને પ્રેમની જરૂર છે.

આજે ગુજરાનવાલાના ખ્રિસ્તી લઘુમતી સમુદાયમાં જન્મેલી રિફ્ત આરીફ "સિસ્ટર ઝેફ" તરીકે ઓળખાય છે કારણ તેની સેવા અને જીવનશૈલી સાથે તે નામ જોડાયેલું છે. તેણે ગુજરાનવાલામાં ખ્રિસ્તી ગરીબ અને વંચિત છોકરીઓ માટે શિક્ષણનું કાર્ય શરૂ કર્યું. તેણે સ્થાપેલી Zephaniah Women Academy (ઝેફેનાયા મહિલા અકાદમી) દ્વારા અનેક છોકરીઓને નિઃશુલ્ક શિક્ષણ, આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા મળી. પરંપરાગત રીતે ખ્રિસ્તી સમુદાયમાં સમાજસેવામાં તત્પર મહિલાઓને પ્રેમથી "સિસ્ટર" કહેવામાં આવે છે - ભલે તેઓ ધાર્મિક સંન્યાસિની ન હોય. "ઝેફ" શબ્દ તેમના સંસ્થાના નામ Zephaniah પરથી આવ્યો છે. આથી, તેમની ત્યાગમય સેવા, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને માતૃત્વસમાન માર્ગદર્શનને કારણે સમુદાય તેમને આદરપૂર્વક "સિસ્ટર ઝેફ" તરીકે ઓળખે છે.

**"ઝેફ" કોઈ ઉપનામ નથી, ન તો પ્રેમથી બનાવેલો શબ્દ છે. તેનું મૂળ છે "Zephaniah" (ઝેફનાયા). Zephaniah બાઈબલનો એક પ્રાચીન પ્રોફેટ (નબી) છે. હિબ્રુ ભાષામાં Zephaniah નો અર્થ થાય છેઃ "God has hidden / God protects" (પરમેશ્વર રક્ષા કરે છે) આથી રિફ્ત આરીફે પોતાની સંસ્થાનું નામ રાખ્યુંઃ Zephaniah Women Academy. દૈનિક બોલચાલમાં લાંબું નામ બોલવું મુશ્કેલ હોવાથીઃ Zephaniah → Zeph એટલે લોકો તેમને ટૂંકમાં "ઝેફ" કહેવા લાગ્યા. એટલે "ઝેફ" શબ્દ સંસ્થાના નામ અને બાઈબલના પ્રેરક અર્થમાંથી આવ્યો છે, કોઈ કલ્પિત ઉપનામ નથી.**

**સિસ્ટર ઝેફને BBC (British Broadcasting Corporation) દ્વારા પણ પસંદ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને તેમને BBC ૧૦૦ Women ની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ યાદી દર વર્ષે BBC દ્વારા તૈયાર કરવામાં આવે છે. પ્રશ્ન થશે કે BBC ૧૦૦ Women શું છે? BBC ૧૦૦ Women એ એવી વૈશ્વિક યાદી છે જેમાં દુનિયાભરના એવી ૧૦૦ મહિલાઓને પસંદ કરવામાં આવે છે કે જેઓ સમાજમાં અસાધારણ પરિવર્તન લાવ્યા હોય, મુશ્કેલ પરિસ્થિતિઓ સામે લડીને કામ કર્યું હોય, અન્ય લોકોને પ્રેરણા આપી હોય અને ખાસ કરીને મહિલાઓ અને બાળકોના જીવનમાં ફેરફાર કર્યો હોય. આ કોઈ પુરસ્કાર માટે અરજી કરવાની પ્રક્રિયા નથી, પરંતુ શોધ, રિપોર્ટિંગ અને વૈશ્વિક સ્તરે અસરના આધારે થતી પસંદગી છે. સિસ્ટર ઝેફ કેવી રીતે BBC સુધી પહોંચ્યા? સિસ્ટર ઝેફ પોતે કોઈ ઓળખ માટે પ્રયત્નશીલ નહોતા. તે શાંતિથી પાકિસ્તાનના ગુજરાનવાલામાં ગરીબ અને વંચિત છોકરીઓને મફત શિક્ષણ આપતા હતા. બાળમજૂરી રોકતા અને કન્યાઓને આત્મનિર્ભર બનાવતા હતા.**

**તેમની સ્થાપિત Zephaniah Women's Academy વિશે આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને મહિલા અધિકાર ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ અને પત્રકારોનું ધ્યાન ગયું. તેના કાર્ય વિશે સ્થાનિક સમાચાર પત્રમાં અવારનવાર ખબર આવવા લાગી. તેમના સામાજિક કાર્ય અંગે રિપોર્ટ છપાયા અને આંતરરાષ્ટ્રીય NGO નેટવર્ક દ્વારા તેમની માહિતી BBC સુધી પહોંચી.**

**BBC એ સિસ્ટર ઝેફને પસંદ કર્યા કારણ કે તે પોતે અનાથ રહયા હોવા છતાં હજારો અનાથ જેવી છોકરીઓનું ભવિષ્ય બદલી રહી હતી. તેણે કોઈ સરકારી સહાય વિના, શૂન્યમાંથી શિક્ષણ સંસ્થા ઉભી કરી હતી. તેઓ રુઢિચૂસ્ત અને વિરોધી સમાજમાં રહીને કન્યાઓના શિક્ષણ માટે લડયા હતા. તેમણે શિક્ષણને માત્ર ભણતર નહીં, પરંતુ સશક્તિકરણનું સાધન બનાવ્યું હતું. તેમના જીવનની વાર્તા કરોડો લોકો માટે પ્રેરણાસ્રોત બની શકે તેવી હતી.**

**સિસ્ટર ઝેફની પસંદગીનો અર્થ એ હતો કે એક ગરીબ, અનાથ શિક્ષિકાનું કામ વિશ્વસ્તરે માન્ય થયું હતું. પાકિસ્તાન જેવી જગ્યામાંથી આવતી એક સ્ત્રીનો અવાજ દુનિયાએ સાંભળ્યો હતો અને શિક્ષણ દ્વારા સમાજ બદલવાની શક્તિ સાબિત થઈ હતી. સિસ્ટર ઝેફ પોતે કહે છે કે, "મને કોઈએ પસંદ કરવાની રાહ નહોતી જોઈ, હું તો રોજ એક છોકરી શિક્ષણ માટે પસંદ કરતી હતી."**

**ઝેફ ગુજરાનવાલાની ગલીઓમાં એક સામાન્ય, ગરીબ છોકરી હતી ત્યારે લોકો તેને આમ જ કહેતા - અનાથ છોકરી છે - મજૂરી કરશે - ઘર-ઘર કામ કરીને જીવી લેશે. કોઈએ ક્યારેય કહ્યું નહીં કે "આ છોકરી એક દિવસ શિક્ષિકા બનશે." લોકોની નજરમાં તે નબળી, નિરાધાર અને નિષ્ફળતાની સીમા પર ઉભેલી છોકરી હતી. ઝેફે ભણવાનું ચાલુ રાખ્યું.ત્યારે આસપાસના લોકો કહેતા—"આટલી ગરીબ છે, ભણશે કેવી રીતે? છોકરીને વધારે ભણાવશો તો ઘરની બહાર નીકળી જશે. શિક્ષણથી પેટ ભરાતું નથી." ઘણા લોકોએ તેને બળવાખોર (rebellious) કહી. કેટલાકે તો સ્પષ્ટ કહ્યું કે આ છોકરી સમાજની પરંપરાઓ તોડશે. લોકોની નજરમાં તે "સમસ્યા" બની રહી હતી.**



**ઝેફે બે છોકરીઓથી ભણાવવાનું શરૂ કર્યું, ત્યારે લોકો હસ્યા. કેટલાક માતા-પિતાએ પોતાના બાળકોને દૂર રાખ્યા, કારણ કે તે સમયે ઝેફ વિશે લોકમનમાં અવિશ્વાસ અને ભય હતો. જ્યારે**

વિદ્યાર્થીઓ વધવા લાગ્યા, ત્યારે વિરોધ ખુલ્લો થયો. કેટલાક લોકોએ ધમકી આપી. કેટલાકે ક્લાસ બંધ કરાવવાનો પ્રયત્ન કર્યો. કેટલાકે તેની છબી ખરાબ કરવાનો પ્રયાસ કર્યો

સમાજમાં એવું કહેવાતું કે "જો આ છોકરીને રોકી નહીં,તો બધી છોકરીઓ બગડી જશે." આ સમય ઝેફના જીવનનો સૌથી કઠિન સમય હતો. તેની આ બિંદુ સુધીની યાત્રા સરળ રહી ન હતી. બંદૂકધારીઓએ છોકરીઓને તે ભણાવતી હતી તે માટે તેના ઘર પર હુમલો કર્યો હતો, જેના કારણે તેણી ૬ મહિના માટે તેના પરિવાર સાથે ગામમાંથી ભાગી જવું પડ્યું હતું. જ્યારે તે પાછી ફરી ત્યારે તેણે કહ્યું કે તે તેના વિદ્યાર્થીઓને ક્યારેય એકલા છોડશે નહીં અને હવે કહે છે કે તે 'જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી વિશ્વના બાળકોને શિક્ષિત કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે'

આ બધાની વચ્ચે ઝેફ પોતાનું કામ કરતી રહી. તેણે મીડિયાનો સહારો લીધો નહોતો, તે પુરસ્કાર શોધતી નહોતી કે ઓળખ પાછળ દોડતી નહોતી પરંતુ તેની કામગીરી ગરીબ છોકરીઓનું શિક્ષણની, બાળમજૂરીમાંથી તેમને મુક્તિ અપાવવની અને આત્મવિશ્વાસનું નિર્માણ કરવાની રહી હતી. આ બધું ધીમે-ધીમે આંતરરાષ્ટ્રીય સંગઠનો અને પત્રકારોની નજરે પડ્યું. જ્યારે ખબર પડી કે BBCએ સિસ્ટર ઝેફને "BBC ૧૦૦ Women"માં પસંદ કરી છે, ત્યારે ગુજરાનવાલામાં લોકો સ્તબ્ધ થઈ ગયા. જેઓ કહેતા હતા કે, "આ છોકરી કંઈ નહીં કરી શકે" એજ લોકો હવે પૂછવા લાગ્યા કે આને BBCએ કેમ પસંદ કરી? લોકોની નજર એકાએક બદલાઈ ગઈ. "BBC ૧૦૦ Women"માં તેની પસંદગી થયા પછી એ જ મહોલ્લાના લોકો ગર્વ અનુભવવા લાગ્યા. પહેલાં વિરોધ કરનારા હવે ફોટા ખેંચાવવા માંગતા હતા. માતા-પિતા પોતાની દીકરીઓને ઝેફ પાસે ભણવા મોકલવા લાગ્યા જે છોકરી "ખતરનાક" ગણાતી હતી, તે હવે "રોલ મોડેલ" બની ગઈ. લોકો કહેવા લાગ્યા કે શિક્ષણ ખરેખર જીવન બદલી શકે છે. છોકરીઓ પણ પરિવારનું નામ ઊંચું કરી શકે છે. એક સ્ત્રી આખો સમાજ બદલી શકે છે. ઝેફ વિશેની લોકોની દૃષ્ટિશંકાથી શ્રદ્ધા સુધી પહોંચી. ઝેફ કહે છે કે, "લોકો શું કહે છે એ મેં ક્યારેય સાંભળ્યું નહીં.મેં એ જોયું કે લોકો શું બની શકે."

સિસ્ટર ઝેફની જીવનકથા આપણને એક કડવું સત્ય શીખવે છે કે લોકો પહેલા હસે છે, પછી વિરોધ કરે છે, અને અંતે સ્વીકારી લે છે. જો તમે આજે કંઈ સારું કરવાનું વિચારો છો અને લોકો વિરોધ કરે તો યાદ રાખજો કે તમે સાચી દિશામાં ચાલી રહ્યા છો. કેટલીક જીવનકથાઓ માત્ર વાંચવા માટે નથી હોતી, તે અંતરાત્માને જગાડે છે. સિસ્ટર ઝેફની જીવનકથા એવી જ એક જાગૃતિ છે. ઝેફના કાર્ય વિશે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને પત્રકારોએ જાણ્યું. તેને BBC ૧૦૦ Women જેવી વૈશ્વિક યાદીમાં સ્થાન મળ્યું. જે છોકરીને ક્યારેક સમાજ "સમસ્યા" ગણાવતો, તે હવે વિશ્વ માટે પ્રેરણા બની. સિસ્ટર ઝેફ ગુજરાનવાલાની ગરીબ ગલીઓમાં જન્મી, પરંતુ તેની વિચારધારા સીમાઓથી પર હતી. તે સાબિત કરે છે કે પરિસ્થિતિ માણસને બનાવતી નથી, માણસ પરિસ્થિતિ બનાવે છે. શિક્ષણ માત્ર ભણતર નથી, તે અંધકાર સામે દીવો છે.

આજે સિસ્ટર ઝેફ એક આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખાયેલી શિક્ષિકા અને મહિલા સશક્તિકરણની પ્રતિક છે. પરંતુ તે હંમેશાં કહે છે કે "મારી શક્તિ મારા દુ:ખમાંથી જન્મી છે." સિસ્ટર ઝેફના જીવનના સંઘર્ષો આપણને શીખવે છે કે...

શિક્ષક બનવું સહેલું નથી.<br>
શિક્ષણ માટે લડવું પડે છે.<br>
પરંતુ એક શિક્ષક આખી પેઢી બદલી શકે છે.<br>
સાચો શિક્ષક સંજોગો નથી જોતો, સંભાવનાઓ સર્જે છે.